ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક : બીઝેડ/ફોરમ/૩૩/૧૮-૧૯/ 4125 તારીખઃ 15 SEP 2018

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
શ્રી મુંજાણી ઘુઘાભાઈ શીબાભાઈ,
પટેલ શેરી, મુ.બોરડી,
તા.મહુવા,જી.ભાવનગર.

**કેસ નં.: ૩૩/૧૮-૧૯**

**વિષયઃ ખેતીવાડી વીજ વપરાશના વીજ બિલ આપવા બાબત.**

**સંદર્ભ**: (૧) આપનો પત્ર તા.૧૨-૦૫-૧૮.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૩૩/૧૮-૧૯/૨૨૧૯ તા.૧૭/૦૫/૨૦૧૮.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૩૩/૧૮-૧૯/૩૮૨૬ તા.૨૭/૦૮/૨૦૧૮.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૦૭/૦૯/૨૦૧૮** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

( એમ.વી. સોલંકી )
કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

**બિડાણઃ- ઉપર મુજબ.**

પ્રતિઃ કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **મહુવા.**

*........ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાનાઃ-**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **આર-૧ મહુવા.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar

**(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)**

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

**કેઈસ નંબર – ૩૩/૧૮–૧૯**

વાદી :– શ્રી મુંજાણી ઘુઘાભાઈ શીબાભાઈ

**વિરૂધ્ધ**

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

**રજુઆતની તારીખ:– ૦૭/૦૯/૨૦૧૮**

હાજર રહયા :– શ્રી મુંજાણી ઘુઘાભાઈ શીબાભાઈ

પ્રતિવાદી :– શ્રી એચ.એન.શાહ, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા.
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

શ્રી મુંજાણી ઘુઘાભાઈ શીબાભાઈ, મુ.બોરડી, તા.મહુવા, જી.ભાવનગર ની ખેતીવાડી વીજ વપરાશના વીજ બિલ આપવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૨૩ / ૧૮–૧૯ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગરને પત્ર નં.બીઝેડ/ફોરમ/ ૨૩/ ૧૮–૧૯/ ૨૨૧૯ તા.૧૭/૦૫/૨૦૧૮ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૦૭/૦૯/૨૦૧૮ નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી પોતે હાજર રહેલ તથા પ્રતિવાદી શ્રી એચ.એન.શાહ, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા ઉપસ્થિત રહેલ.

**વાદીશ્રીની રજુઆત:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમો અરજદાર મુંજાણી ઘુઘાભાઈ શીબાભાઇ મહુવા તાલુકાના બોરડી ગામે રહીએ છીએ.

૧.૨ અમારી ખેતીવાડી સેદરડા રોડ ઉપર આવેલ છે.જેનો સર્વે નંબર મોજે બોરડી ગામના સર્વે નંબર ૧૬ પૈકીમાં અમો દ્વારા ખેતીવાડી નવું કનેક્શન મેળવવા માટે ઘુઘાભાઈ શીબાભાઇ મોચી નાં નામથી તારીખ:૪.૧.૧૯૯૯ નાં રોજ રસીદ ન.૪૧૩૪૫ થી ભરપાઈ કરી SPA સ્કીમ નીચે રજીસ્ટ્રેશન ચાર્જનાં નાણા ભરપાઈ કરેલ છે.

Consumer Grievance Redressal Forum * F.G.V.C.L. Bhavnagar

૧.૩ ત્યારબાદ અમારો વારો આવતા કમ્પનીના કર્મચારી અમારી વાડીયે સર્વે કરવા આવેલ અને જણાવેલ કે આસપાસ માં ૧૧ કે.વી.લાઈન નથી તેથી એલ.ટી.લાઈન માંથી સર્વે કરેલ છે.ત્યારબાદ મહુવા ગ્રામ્ય-૧ આર.ઈ.સી.માંથી અમોને ઘુઘાભાઈ શીબાભાઇ મોચી નાં નામથી જાવક નંબર ૪૭૬ થી તા:૨૭.૧.૨003 નાં રોજ રૂપિયા ૨૮૭૫ નું અંદાજપત્રક પાઠવવામાં આવેલ જે ભરપાઈ કરવાની છેલ્લી તારીખ ૨૫.૨.૨003 હતી.

૧.૪ સદર અંદાજપત્રક અમો દ્વારા ઘુઘાભાઈ શીબાભાઇ મોચી નાં નામથી તા:૩.૨.૨003 નાં રોજ રૂપિયા ૨૮૭૫ રસીદ નંબર ૦૫૪૦૩૨૪ થી ભરપાઈ કરેલ છે.અને ટેસ્ટરીપોર્ટ નાં નાણા પણ રસીદ નંબર ૪૨૭૩ થી તા:૭.૩.૨003 નાં રોજ ભરપાઈ કરવામાં આવેલ છે.

૧.૫ અમો દ્વારા ટેસ્ટરિપોર્ટ ભરપાઈ કરેલ હોવાથી અમારી વાડીયે મીટર લગાવેલ છે પરંતુ તેનું વિજબીલ ન બનવાથી અમારા દ્વારા તા:૧૫.૧૨.૨૦૦૮ તેમજ અને બીજી અરજી પણ કરેલ છે આમ મારા દ્વારા બે વખત મહુવા ગ્રામ્ય-૧ કચેરી માં અરજીઓ કરેલ છે.

૧.૬ તેમ છતાં મારા વિજકનેક્શનનું વિજબીલ આજદિન સુધી બનેલ નથી તો મને બીલ માં હપ્તા કરી મારૂં વિજબીલ ચાલુ કરી આપવા હુકમ કરવા વિનંતી છે.

☛ <u>પ્રતિવાદીશ્રીની રજુઆત:– તેમની રજુઆત છે કે,</u>

૨.૧ સદર અરજદાર મુંજાણી ઘુઘાભાઈ શીબાભાઇ મહુવા તાલુકાના બોરડી ગામે રહે છે.

૨.૨ તેમની ખેતીવાડી સેદરડા રોડ ઉપર આવેલ છે.સદર ખેતીવાડીમાં તેમના દ્વારા ખેતીવાડી નવું કનેક્શન મેળવવા માટે નીચેની વિગતે રજીસ્ટ્રેશન ચાર્જનાં નાણા ભરપાઈ કરેલ છે.

- અરજદારનું નામ:ઘુઘાભાઈ શીબાભાઇ મોચી.
- અરજી કર્યા તારીખ:૪.૧.૧૯૯૯.
- રસીદ ન.૪૧૩૪૫.
- રૂપિયા:૧૦૦.
- સ્કીમ: SPA.

૨.૩ ત્યારબાદ તેમનો વારો આવતા કમ્પનીના કર્મચારી તેમની વાડીયે સર્વે કરવા ગયેલ અને જણાવેલ કે આસપાસ માં ૧૧ કે.વી.લાઈન નથી તેથી એલ.ટી.લાઈન માંથી કેટેગરી માં સર્વે કરેલ છે.ત્યારબાદ મહુવા ગ્રામ્ય-૧ આર.ઈ.સી.માંથી તેમને નીચેની વિગતે અંદાજપત્ર પાઠવવામાં આવેલ છે.

- અરજદારનું નામ:ઘુઘાભાઈ શીબાભાઇ મોચી.
- અંદાજપત્ર આપ્યા તારીખ:૨૭.૧.૨003.
- જાવક નંબર:૪૭૬
- અંદાજપત્રક ની રકમ:૨૮૭૫.
- ભરપાઈ કરવાની છેલ્લી તારીખ::૨૫.૨.૨003..
- સ્કીમ: SPA.

૨.૪ સદર અંદાજપત્રક તેમજ ટેસ્ટરિપોર્ટ તેમના દ્વારા નીચેની વિગતે ભરપાઈ કરવામાં આવેલ છે.

- અરજદારનું નામ: ઘુઘાભાઈ શીબાભાઇ મોચી.
- અંદાજપત્રક ની ભરપાઈ કર્યા ની રકમ:૨૮૭૫.રૂપિયા.
- અંદાજપત્રક ભરપાઈ કર્યા તારીખ અને રસીદ ન.:૦૫૪૦૩૨૪ તા:૩.૨.૨003.

૨.૫ સદર અરજદાર દ્વારા તેમના નામથી એટલે કે ઘુઘાભાઈ શીબાભાઇ નાં નામથી તા:૭.૫.૨003 નાં રોજ એગ્રીમેન્ટ કરવામાં આવેલ છે.સદર અરજદાર દ્વારા નીચેની વિગતે ટેસ્ટરિપોર્ટ નાં નાણા ભરપાઈ કરેલ છે.

ટેસ્ટરિપોર્ટ: રસીદ:૪૨૭૩ તા:૭.૩.૨003.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

સદર ફાઈલ ની મંજૂરી મહુવા વિભાગીય કચેરી માંથી જાવક ન.૯૮૩ થી તા:૨૬.૫.૨૦૦૩ ના રોજ આપવામાં આવેલ છે. જે તે સમયે વિભાગીય કચેરી માંથી ફાઈલ મંજૂરી મળ્યેથી મહુવા ગ્રામ્ય-૧ કચેરીના ટેકનીકલ સેક્શન દ્વારા સદર અરજદારનું મીટર સાઈટ ઉપર લગાવી કનેક્શન ફિઝિકલી રીલીઝ કરેલ પરંતુ સદર કનેકશનનો H3 રીપોર્ટ બનાવી રેવન્યુ સેક્શનને સોંપવામાં આવેલ ન હોવાથી તેનું વીજબીલ બનેલ નથી.જે તે સમયે નાયબ ઈજનેર તરીકે સી.આર.કામલીયા ફરજ બજાવતા હતા જે હાલમાં રીટાયર્ડ થયેલ છે.

૨.૬ સદર અરજદારનું વિજબીલ ચાલુ કરવા માટે નાયબ ઈજનેર મહુવા ગ્રામ્ય-૧ કચેરી દ્વારા તા:૧૨.૬.૨૦૧૮ થી ઓફીસ નોટ મુકેલ છે.સદર ઓફીસનોટ માં દર્શાવ્યા મુજબ નાયબ ઈજનેર દ્વારા સીસ્ટમ માં ૧૦૮૯૫૦૯૦ થી SR બનાવી અને અરજદારનું બીલીંગ શરૂ કરવાની કાર્યવાહી હાથ ધરેલ છે.આશરે ૧૫ દિવસમાં કાર્યવાહી પૂર્ણ થતા રાબેતા મુજબ તેમને વિજબીલ પાઠવવામાં આવશે.

☛ **<u>ફોરમનું તારણ</u>** :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

૩.૧ વાદી મુંજાણી ઘુઘાભાઈ શીબાભાઈ ને પ્રતિવાદી ધ્વારા માર્ચ–૨૦૦૩ માં ખેતીવાડી વીજ જોડાણ આપવામાં આવેલ.

૩.૨ વાદીની વારંવાર રજુઆત હોવા છતા પ્રતિવાદી ધ્વારા વાદીને તેના વીજ જોડાણની વપરાશનું બીલ આપવામાં આવતું ન હતું તેથી વાદીએ ફોરમને રજુઆત કરેલ છે.

૩.૩ પ્રતિવાદીની કચેરી ધ્વારા વાદીનું વીજ જોડાણ ચાલુ કર્યા પછી કરવી પડતી જરૂરી કાર્યવાહી એટલે કે એચ–૩ રીપોર્ટ બનાવીને બીલીગ સેકશન ને સોંપવાની કાર્યવાહી તેમજ બીલીગ શરુ કરવાની કાર્યવાહી કરવામાં આવેલ નહી. આમ પ્રતિવાદીની પેટા વિભાગીય કચેરીને સબંધિત નાયબ ઈજનેરની બેદરકારીને લીધે વાદીને વીજ વપરાશનું બીલ ૨૦૦૩ થી મળતું નથી.

૩.૪ આજરોજ ફોરમને મૌખીક રજુઆત મુજબ વાદી ૩ હપ્તામાં વીજ બીલની રકમ વિલંબીત ચુકવણી ચાર્જ વગર ભરવા તૈયાર છે.

૩.૫ પ્રતિવાદીએ વાદીને નિયમીત વીજ બીલ મળે તે અંગે ની ઓફીસ કાર્યવાહી હાથ ધરેલ છે જે દિવસ ૧૫ માં પુર્ણ થયે વીજ બીલ આપવામાં આવશે તેવું જણાવે છે.

<u>–:: હુકમ ::–</u>

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી હુકમ કરવામાં આવે છે કે "પ્રતિવાદીએ વાદીને અત્યાર સુધીનાં વીજ વપરાશ અંગેનું વીજબીલ વાદીને મળે જે વાદીએ ૩ હપ્તામાં ભરપાઈ કરી આપવું અને તે માટે પ્રતિવાદીએ જો વાદી હપ્તાની મુદતમાં હપ્તાની રકમ ભરપાઈ કરે તો તે માટે વિલંબીત ચુકવણી ચાર્જ લગાવવો નહીં."**
- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

| | | |
|---|---|---|
| (બી. જે. દવે) | ગેરહાજર<br>(પી. એચ. માવાણી) | (એમ. આર.વજરીયા) |
| સ્વતંત્ર સભ્યશ્રી | ટેકનીકલ સભ્યશ્રી | અધ્યક્ષશ્રી,<br>ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ<br>પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર. |

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

તારીખ :–૦૭/૦૯/૨૦૧૮